सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | :- | ૦૩/૦૧/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | :- | ૦૩/૦૧/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | :- | ૩૧/૦૮/૨૦૨૬ | | |
| સમય ગાળો | :- | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૭ | ૨૮ |

**આંક:-૮૫**

## FORM-A

| |
|---|
| **મે. છોટાઉદેપુર જીલ્લાનાં સ્પેશીયલ (પોકસો કોર્ટ) જજ સાહેબની અદાલતમાં,**<br>**મુકામ:- છોટાઉદેપુર.** |
| **ચુકાદાની તા.૩૧/૦૮/૨૦૨૬** |
| **પોકસો કેસ નં. ૦૧/૨૦૨૫** |
| **ગુનો:-**છોટાઉદેપુર પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૮૪૦૦૨૨૪૧૦૯૩/૨૦૨૪, ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(ણ) તથા બાળ જાતિય અપરાધ ધારા-૨૦૧૨ ની કલમ- ૪, ૬ મુજબ |

| | |
|---|---|
| **ફરિયાદી** | **સરકાર શ્રી** |
| **ફરિયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી આર.એસ. પરમાર |
| **વિરુદ્ધ** | |
| **આરોપી** | દિપકભાઇ નરછાભાઇ નાયક<br>રહે. ખરકાલી નરછલી ફળીયા,<br>તા.જી. અલીરાજપુર(મધ્યપ્રદેશ) |
| **આરોપી તરફે** | આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એસ.પઠાણ |

## FORM-B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૨૨/૦૮/૨૦૨૪ |
| **એફ.આઇ.આર.ની તારીખ** | ૦૯/૦૯/૨૦૨૪ |
| **ચાર્જશીટ રજુ થયા તારીખ** | ૦૩/૦૧/૨૦૨૫ |
| **તહોમતનામુ ફરમાવ્યા તારીખ** | ૧૩/૦૬/૨૦૨૫ |
| **પુરાવાની શરૂઆતની તારીખ** | ૨૧/૦૪/૨૦૨૬ |
| **તારીખ કે જેના પર ચુકાદો અનામત છે.** | ૩૧/૦૮/૨૦૨૬ |

| | |
|---|---|
| **ચુકાદાની તારીખ** | ૩૧/૦૮/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો.** | એન.એ. |

| **આરોપીની માહિતી** | |
|---|---|
| **આરોપી** | દિપકભાઇ નરછાભાઇ નાયક<br>રહે. ખરકાલી નરછલી ફળીયા,<br>તા.જી. અલીરાજપુર(મધ્યપ્રદેશ) |
| **ધરપકડની તારીખ** | તા.૧૫.૧૧.૨૦૨૪ |
| **જામીન ઉપર છુટવાની તારીખ** | તા.૦૯.૧૦.૨૦૨૫ |
| **ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ** | ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(ણ) તથા બાળ જાતિય અપરાધ ધારા–૨૦૧૨ ની કલમ– ૪, ૬ |
| **નિર્દોષ કે દોષિત** | નિર્દોષ |
| **સજા લાદવામાં આવી** | –– |
| **બી.એન. એસ.એસ. ની કલમ ૪૬૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો** | –– |

## FORM–C

**પ્રોસીકયુશન / ડીફેન્સ / કોર્ટનાં સાક્ષીઓની યાદી**

**A. પ્રોસીકયુશન:–**

| રેન્ક | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનારના પિતા | ફરીયાદી | ૨૪ |
| ૨. | ભોગ બનનારના માતા | ભોગ બનનારની માતા | ૨૭ |
| ૩. | ભોગ બનનાર | ભોગ બનનાર | ૨૮ |
| ૪. | ડો.ગીરીશ વદેસીંગભાઇ રાઠવા | મેડીકલ ઓફીસર | ૩૪ |
| ૫. | ડો.પલક પ્રદીપકુમાર વૈષ્ણવ | ગાયનેકોલોજીસ્ટ | ૩૯ |
| ૬. | ડો.અલ્પેશ જવેરચંદ શાહ | મેડીકલ ઓફીસર | ૪૧ |

| | | | |
|---|---|---|---|
| ૭. | મોહનભાઈ હીરસીંગભાઈ નિસરતા | તપાસ કરનાર અમલદાર | ૪૫ |
| ૮. | શૈલેષભાઈ ભારતસિંહ વસાવા | તપાસ કરનાર અમલદાર | ૫૪ |
| ૯. | અરુણકુમાર ચીમનભાઈ પરમાર | તપાસ કરનાર અમલદાર | ૭૭ |
| ૧૦ | દીલીપકુમાર રસીકભાઈ રાઠવા | તલાટી કમ મંત્રી | ૮૨ |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો:-**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**C. કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો:-**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**પ્રોસીકયુશન / બચાવપક્ષ/કોર્ટના આંકની સુચિ.**

**A. પ્રોસીકયુશન:-**

**(બ) દસ્તાવેજી પુરાવાઓ :-**

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૨૫ |
| ૨. | ભોગ બનનારના જન્મના દાખલાની નકલ | ૨૬ |
| ૩. | બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનું નિવેદન | ૨૯ |
| ૪. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા ઈ-સાક્ષ્ય સર્ટીફીકેટ | ૩૦ |
| ૫. | ભોગબનનાર સાથે શરીર સંબંધ બાધેલ તે જગ્યાનું પંચનામુ | ૩૧ |
| ૬. | ભોગબનનારના કબજે કરેલ કપડાનું પંચનામુ તથા ઈ-સાક્ષ્ય સર્ટીફીકેટ | ૩૨ |
| ૭. | આરોપીની શરીરી સ્થિતિ તથા કબજે કરેલ કપડાનું | ૩૩ |

| | | |
|---|---|---|
| | પંચનામુ તથા ઈ–સાક્ષ્ય સર્ટીફીકેટ | |
| ૮. | ભોગબનનારની મેડીકલ તપાસણી કરી સારવાર સર્ટીફીકેટ આપવા બાબત | ૩૫ |
| ૯. | ભોગબનનારનું પ્રાથમિક સારવાર સર્ટીફીકેટ | ૩૬ |
| ૧૦. | આરોપીની પ્રાથમિક મેડીકલ તપાસણી કરવા બાબત | ૩૭ |
| ૧૧. | આરોપીનું પ્રાથમિક સારવાર સર્ટીફીકેટ | ૩૮ |
| ૧૨. | ભોગબનનારનું ગાયનેક સારવાર સર્ટીફીકેટ | ૪૦ |
| ૧૩. | આરોપીની સીમેનની સર્ટી. આપવા બાબત | ૪૨ |
| ૧૪. | ટ્રાન્સફર સર્ટી. | ૪૩ |
| ૧૫. | આરોપીની સીમેનની સર્ટી. | ૪૪ |
| ૧૬. | સી.સી.ટી.વી. ફુટેજ આપવા બાબત | ૪૬ |
| ૧૭. | સી.ડી.આર./એસ.ડી.આર. ની માહિતી મંગાવવા બાબત | ૪૭,૪૮ |
| ૧૮. | મોરબી પો.સ્ટે.નાઓને સ્થાનિક પોલીસની મદદ મળવા લખેલ યાદી | ૪૯ |
| ૧૯. | આરોપી તથા ભોગબનનાર મળી આવતાં સ્ટે.ડાયરીમાં નોંધ કરવા બાબત | ૫૦ |
| ૨૦. | ગુનાના કામે સરકારી પંચો ફાળવવા લખેલ યાદી | ૫૫ |
| ૨૧. | સંકલિત બાલ વિકાસ યોજના અધિકારીની કચેરીનાઓની કચેરીએ લેડીઝ પંચ ફાળવવા લખેલ યાદી | ૫૬ |
| ૨૨. | ભોગબનનારની ગાયનેક મેડીકલ તપાસણી કરી સારવાર સર્ટીફીકેટ આપવા બાબત | ૫૭ |
| ૨૩. | ભોગબનનારનું ઈ–સાક્ષ્ય એપમાં લીધેલ નિવેદનનું સર્ટીફીકેટ | ૫૮ |
| ૨૪. | આરોપીને અટક કરી સ્ટે.ડાયરીમાં નોંધ કરવા બાબત | ૫૯ |
| ૨૫. | ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૬૦ |
| ૨૬. | એફ.આઈ.આર.માં કલમનો ઉમેરો કરવા બાબત | ૬૧ |
| ૨૭. | સી.ડી.આર/એસ.ડી.આર. ની માહિતી મંગાવવા બાબત | ૬૨ |
| ૨૮. | ભોગબનનારની જન્મ તારીખ ખરાઈ કરવા તલાટી કમ મંત્રી શ્રી ભોરદા જુથ ગ્રામ પંચાયતનાઓને લખેલ રીપોર્ટની નકલ | ૬૩ |
| ૨૯. | ભોગબનનારના જન્મના દાખલાનું ખરાઈ પ્રમાણપત્ર | ૬૪ |

| | | |
|---|---|---|
| ૩૦. | મોટર સાયકલ કબજે કર્યા અંગેનું પંચનામુ તથા ઇ–સાક્ષ્ય સર્ટી. તથા મોટલરસાયકલના કાગળો | ૬૫ |
| ૩૧. | એફ.એસ.એલ.વડોદરા ખાતે મોકલેલ મુદામાલ રવાનગી ચાદી | ૬૬ |
| ૩૨. | એફ.એસ.એલ.વડોદરા ખાતે મોકલેલ મુદામાલ રવાનગી ચાદીની પહોંચ | ૬૭ |
| ૩૩. | વડોદરા થી આવેલ પરીક્ષણ સર્ટીફીકેટ | ૬૮ |
| ૩૪. | એફ.એસ.એલ.સુરત ખાતે ભોગબનનારની ડી.એન.એ. સેમ્પલની રવાનગી ચાદી | ૬૯ |
| ૩૫. | એફ.એસ.એલ.સુરત ખાતે ભોગબનનારની ડી.એન.એ. સેમ્પલની રવાનગી ચાદીની પહોંચ | ૭૦ |
| ૩૬. | સુરતથી આવેલ પરીક્ષણ સર્ટીફીકેટ | ૭૧ |
| ૩૭. | એફ.એસ.એલ.સુરત ખાતે આરોપીની ડી.એન.એ. સેમ્પલની રવાનગી ચાદી | ૭૨ |
| ૩૮. | એફ.એસ.એલ.સુરત ખાતે આરોપીની ડી.એન.એ. સેમ્પલની રવાનગી ચાદીની પહોંચ | ૭૩ |
| ૩૯. | સુરતથી આવેલ પરીક્ષણ સર્ટીફીકેટ | ૭૪ |
| ૪૦. | સી.સી.ટીવી ફુટેજ આપવા બાબત | ૭૮ |
| ૪૧. | જિલ્લા બહાર તપાસમાં જવા મંજુરી મળવા બાબત | ૭૯ |
| ૪૨. | કોલ ડીટેઇલ | ૮૦ |
| ૪૩. | જિલ્લા બહાર તપાસમાં જવા મંજુરી મળેલ રીપોર્ટ | ૮૧ |
| ૪૪. | જન્મમરણ રજીસ્ટરની ખરી નકલ | ૮૨ |

**B. બચાવપક્ષ:–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**C. કોર્ટથી આંક:–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## D. મટીરીયલ ઓબ્જેકટસ:–

| અ.નં. | મટીરીયલ ઓબ્જેકટસ | વિગત |
|---|---|---|
| 1.M.O. 1 | મોટર સાયકલ | મોટર સાયકલ |

## –:: ચુ કા દો ::–

(૧) આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(ણ) તથા બાળ જાતિય અપરાધ ધારા–૨૦૧૨ ની કલમ– ૪, ૬ મુજબનાં શિક્ષા પાત્ર ગુનાઓનું તહોમત છે.

(૨) **ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,**
આ કામના આરોપીએ ભોગબનનાર સગીર દિકરી ૧૭ વર્ષ, ૦૬ માસ, ૧૪ દિવસનીને તા.૨૨/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૦૯:૦૦ વાગેથી કલાક ૧૭:૦૦ વાગેના સમય દરમ્યાન છોટાઉદેપુર પાવર હાઉસ ચોકડી ખાતેથી મો.સા. રજી.નં.એમ.એચ–૪૫– એમ.પી.૭૩૧૧ ની લઈને આવી પટાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી પત્ની તરીકે રાખવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લગ્ન કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(ણ) તથા બાળ જાતિય અપરાધ ધારા ૨૦૦૨ ની કલમ ૪, ૬ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હા કરતાં ફરીયાદીએ સદર બનાવની ફરિયાદ તા.૦૯/૦૯/૨૦૨૪ ના રોજ છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં આપેલ છે.

(૩) સદરહુ ફરિયાદ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૧૮૪૦૦૨૨૪૧૦૯૩/૨૦૨૪ થી નોંધી લેવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે હાલના ગુનાની તપાસ કરી તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત

શિક્ષાપાત્ર ગુનાઓનું ચાર્જશીટ સ્પેશીયલ (પોકસો) અદાલતમાં દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ સદર કેસ પોકસો કેસ નં. ૦૧/૨૦૨૫ થી નોંધી લેવામાં આવેલ.

(૪) આરોપીને સમન્સની બજવણી થતા આરોપી અદાલત રૂબરૂ હાજર થતા આરોપીને બી.એન. એસ.એસ.ની કલમ–૨૩૦ (ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭) અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપી વિરુદ્ધ આંક–૧૦ થી ઉપરોકત શિક્ષાપાત્ર ગુનાઓનું તહોમતનામું ફરમાવવામાં આવતા આરોપીએ તહોમતનામાનો ઈન્કાર કરી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી આંક–૮૪ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૬) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ (ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩) અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ તમામ હકીકતોનો ઈનકાર કરી તે નિર્દોષ હોવાનો બચાવ લીધેલ છે.

(૭) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી વિ.પી.પી.શ્રી આર.એસ.પરમાર તથા બચાવપક્ષ તરફથી વિ.વ.શ્રી એસ.એસ.પઠાણની દલીલો સાંભળી.

(૭.૧) વિદ્વાન પી.પી.શ્રી આર.એસ. પરમાર તરફથી મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(ણ) તથા બાળ જાતિય અપરાધ ધારા ૨૦૦૨ ની કલમ ૪, ૬ મુજબનાં આક્ષેપિત ગુનાઓનું તહોમત છે. ફરિયાદપક્ષ તરફથી ઉપરોક્ત આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે કુલ ૧૦ મૌખિક પુરાવાઓ તેમજ કુલ ૪૪ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે. આ કામે ફરિયાદપક્ષ તરફથી

આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે ભોગબનનારના પિતા, ભોગબનનારના માતા તથા ભોગબનનારને સાહેદ તરીકે તપાસવામાં આવેલ છે. આ કામે ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ સાહેદ ફરિયાદી ભોગબનનનારના પિતા છે અને તઓએ હાલના બનાવની ફરિયાદ આપેલ છે. ફરિયાદીને ફરિયાદપક્ષ તરફથી સાહેદ નં.૧ આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે. તેમજ ભોગબનનારના માતાને સાહેદ નં.૨ આંક–૨૭, ભોગબનનારને સાહેદ નં.૩ આંક–૨૮ થી તપાસવામાં આવેલ છે. આ ત્રણેય સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપેલ નથી, પરંતુ મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાથી અને તપાસ કરનાર અધિકારીના પુરાવાથી ફરીયાદ પક્ષ આરોપી વિરુદ્ધ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરી શકે છે. મેડીકલ ઓફીસર અને ત.ક.અ.શ્રીનો પુરાવો નહી માનવાને કોઇ કારણ નથી. આમ, આ સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરી શકેલ છે. તેથી આરોપીને તકશીરવાન ઠરાવવા દલીલો કરેલ છે.

**(૭.૨)** બચાવપક્ષના વિ.વ.શ્રી એસ.એસ.પઠાણ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(ણ) તથા બાળ જાતિય અપરાધ ધારા ૨૦૦૨ ની કલમ ૪, ૬ મુજબના ગુનાનું તહોમતનામું છે. આ કામે ફરીયાદ પક્ષ તરફથી ભોગબનનારને સાહેદ નંબર ૩, આંક–૨૮ થી તપાસેલા છે. ફરીયાદીએ તથા ભોગબનનારે તેઓના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકિકતોને કોઇ સમર્થન આપેલ નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે. ફરીયાદીના પુરાવાને અન્ય કોઇ સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી. ફરીયાદ મુજબ અને ભોગબનનારના પુરાવા મુજબ કહેવાતો બનાવ ૧૮ દિવસ પહેલાં બનેલો જયારે ફરીયાદ ૧૮ દિવસ બાદ આપવામાં આવેલ છે એટલે કે ફરીયાદ ૧૮ દિવસ મોડી આપવામાં આવેલ છે અને તે અંગેનો કોઇ ખુલાશો ફરીયાદમાં કરવામાં આવેલ નથી. વિલંબથી

કરવામાં આવેલ ફરીયાદ માની શકાય નહી. તેથી પણ ફરીયાદ પક્ષ આરોપીની ગુનામાં સંડોવણી સાબીત કરી શકતો નથી. આમ, ફરીયાદ પક્ષ આરોપી વિરુદ્ધ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા દલીલો કરેલ છે.

(૮) આ કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ અને બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતાં, આ કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુ દ્દા ઓ ::-</u>**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરી શકે છે કે, બનાવ સમયે ભોગબનનાર ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોર્મ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ-૨(૧)(ડી) મુજબ બાળક હતી ?

(૨) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરી શકે છે કે, આ કામના આરોપીએ બનાવની તારીખ અને સમય તથા સ્થળે થી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાથી પટાવી, ફોસલાવી ભોગબનનારને લગ્નની લાલચ આપી પત્ની તરીકે રાખવાના ઇરાદે ભગાડી તેની સાથે અવાર નવાર ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શારીરિક બળાત્કાર (સંભોગ) કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(ણ) તથા બાળ જાતિય અપરાધ ધારા-૨૦૧૨ ની કલમ- ૪, ૬ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) **હકારમાં.**

(૨) **નકારમાં**

(૩) **આખરી હુકમ મુજબ.**

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.૧.**

(૧૦) આ કામના આરોપી વિરુદ્ધ બાળ જાતિય અપરાધ ધારા-૨૦૧૨ ની કલમ- ૪, ૬ મુજબનો આક્ષેપિત ગુન્હાનું તહોમત છે. પોકસો એકટ ઘડવાનો મુખ્ય હેતુ બાળકો વિરૂધ્ધ થતા જાતીય ગુન્હાઓથી બાળકોને રક્ષણ અપાવવાનો છે. જેથી પોકસો એકટમાં કલમ- ૨(ડી) અન્વયે "બાળક" ની વ્યાખ્યા આપવામાં આવેલી છે. જે મુજબ ૧૮ વર્ષથી ઓછી વયની કોઈપણ વ્યકિત નો બાળક ની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવેલ છે. જેથી આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એ હકિકત નિશંકપણે સાબીત કરવી પડે કે બનાવ વખતે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી વયની હતી. જો આ હકિકત સાબીત થાય તો જ પોકસો એકટની જોગવાઇઓ લાગુ પડે.

**(૧૦.૧)** ઉપરોકત હકિકતના સંદર્ભમાં ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષ દ્વારા ભોગ બનનારનો જન્મનો દાખલો પુરવાર કરવા માટે આંક-૮૨ થી દીલીપકુમાર રસીકભાઇ રાઠવાનાઓને તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવેતો તો ભોગબનજનારની જન્મ તારીખ:-૦૮/૦૨/૨૦૦૭ હતી અને તેની નોંધણી તા.૧૫/૦૨/૨૦૦૭ ના રોજ કરવમાં આવેલ હતી. આ સાહેદના પુરાવાથી એટલી હકિકત રેકર્ડ ઉપર આવે છે કે, આક્ષેપિત બનાવ સમયે ભોગબનનારની ઉમર આશરે ૧૭ વર્ષ હતી. સદર સાહેદની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસથી આંક-૬૦

ના ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રથી વિરૂધ્ધની કોઇ હકીકતતો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં, બચાવપક્ષ તરફથી ભોગબનનારની ઉંમર પણ પડકારવામાં આવેલ નથી.

**(૧૦.૨)** આમ, જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ ૨૦૧૫ ની કલમ ૯૪ સંદર્ભે આ કામે આંક–૬૦ થી ભોગ બનનારનો જન્મનો દાખલો ધ્યાને લેતાં ભોગબનનારની જન્મ તારીખ ૦૮/૦૨/૨૦૦૭ હોવાનું સાબીત થાય છે, જયારે હાલનો બનાવ તા. ૨૨/૦૮/૨૦૨૪ ના રોજ બનેલ છે. આમ, બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ અને ૦૬ માસ એટલે કે, ૧૮ વર્ષ થી ઓછી હોવાની હકિકત ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરી શકેલ છે. આમ, બનાવ વખતે ભોગબનનાર "બાળક" હતી તે હકિકત સાબિત થાય છે. તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં ઠરાવુ છું.

**મુદ્દા નંબર–૦૨ અને મુદ્દા નંબર–૦૩–**

**(૧૧)** પ્રસ્તુત કેસમાં ફરીયાદપક્ષ તરફથી ભોગબનનારના પિતાને, સાહેદ નંબર :–૧ આંક–૨૪ થી તથા ભોગબનનારના માતાને સાહેદ નં.૨ આંક–૨૭ થી તપાસવામાં આવેલ છે. આ બંને સાહેદો એવો પુરાવો આપે છે કે, બનાવ આશરે બે વર્ષ પહેલાં બનેલો. ત્યારે ભોગબનનાર દીકરી ધોરણ–૧૨ માં ઉચ્ચતર બુનિયાદી આશ્રમશાળા, ઘેલવાંટ મુકામે અભ્યાસ કરતી હતી અને બનાવના અરસામાં તેઓની ભોગબનનાર દીકરી ભાડેથી મકાન રાખી છોટાઉદેપુર મુકામે રહેતી હતી. તેઓ તેઓના ઘરે હાજર હતો તે વખતે તેણીની બહેનપણીનો ફોન આવેલો અને જણાવેલ કે ભોગબનનાર પાસ કઢાવવા ગયેલ હતી અને ત્યાંથી પરત આવેલ નહીં. તમારે ત્યાં આવેલ છે કે કેમ? તો તેઓએ આવેલ નથી એમ જણાવેલ અને આજુબાજુ તપાસ કરેલી પરંતુ મળી નહીં આવતા છોટાઉદેપુર પો.સ્ટે. શંકાના આધારે ફરિયાદ આપેલી. ફરીયાદની સાથે ભોગબનનાર દીકરીના જન્મના દાખલાની ઝેરોક્ષ નકલ

આપેલ. સદર કામે ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન ન આપતા તેમજ ભોગબનનારની માતા ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન ન આપતા વિ.એ.ડી.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટ તપાસ પણ કરેલ છે પરંતુ ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન મળે તેવી કોઇ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સાહેદોની ઉલટ તપાસ જોવામાં આવે તો એવું કબુલ કરે છે કે, તેઓની ભોગબનનાર દીકરીની ઉંમર જન્મના દાખલામાં આશરે લખાવેલી. એ હકિકત કબુલ કરે છે કે, તેનો જન્મ કઈ સાલમાં થયેલો તેની તેઓને ખબર નથી. એ હકિકત કબુલ કરે છે કે, ફરિયાદમાં તેઓએ માત્ર અંગુઠો કરેલો. તે સિવાય બીજું કંઈ તેઓ જાણતા ન હતા. એ હકિકત કબુલ કરે છે કે, પોલીસ સ્ટેશનમાં આગેવાનોએ લખાવ્યા મુજબ પોલીસે ફરિયાદ લખેલી.

ફરીયાદી તથા સાહેદ ભોગબનનારના માતાના પુરાવાનું મુલ્યાંકન કરતાં આ બંને સાહેદોએ ફરીયાદ હકિકતને કે ફરીયાદપક્ષના કેસની હકિકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આ બંને સાહેદો પૈકી એક પણ સાહેદ એવો પુરાવો આપતા નથી કે, આરોપીએ તેઓની સગીર વયની દિકરીને લલચાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી પત્ની તરીકે રાખવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયેલ. વધુમાં, આ બંને સાહેદો એવો પણ લેશમાત્ર પુરાવો આપતા નથી કે, આરોપીએ તેઓની સગીર વયની દિકરી સાથે દુષ્કર્મ કરી જાતીય શોષણ કરેલુ. આમ, આ બંને સાહેદોનો પુરાવો ફરીયાદ પક્ષને બિલકુલ મદદરૂપ થતો નથી.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી ભોગબનનારને સાહેદ નં.૩ આંક-૨૮ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ એવો પુરાવો આપે છે કે, તેણી ધોરણ-૧૨ સુધી ભણેલ છે. બનાવ આશરે બે વર્ષ પહેલાં બનેલો અને તેણીને ભણવાનો કંટાળો આવતા મજુરી કરવા માટે

મોરબી તરફ જતી રહેલ. ત્યાં ચારેક માસ સુધી રહેલી અને તે સમયગાળા દરમ્યાન ત્યાં મજુરી કરતા છોકરાના સંપર્કમાં આવેલ અને તેની સાથે શારીરિક સંભોગ બાંધેલ. તે થકી તેણીને ગર્ભ રહી ગયેલ. તેણી તેણીના ઘરે કહ્યા વગર મજુરીએ આવેલ હોય તેણીના પિતાએ ગુમ થયા બાબતની ફરિયાદ આપેલી. આ સિવાય બીજું કંઈ બનેલ નહીં અને પોલીસે તેઓની પાસેથી કપડા માંગતા તેઓએ પોલીસને કપડા આપેલા. પોલીસ તેઓને શારીરિક ચકાસણી કરવા સારું દવાખાને લઈ ગયેલા. જ્યાં તેઓની શારીરિક ચકાસણી કરેલી અને તેઓને ગર્ભ હોય, તેઓ તેને રાખવા માંગતી ન હોય જેથી કોર્ટની પરવાનગી લઇ ગર્ભનો નિકાલ કરેલો. તેમજ તેણીને કોર્ટમાં જજ સાહેબ દ્વારા તેઓના નિવેદન લેવામાં આવેલ. ભોગબનનાર આરોપીને અદાલત રૂબરૂ ઓળખતી નથી. આ સાહેદ આંક– ૨૯ ના નિવેદનમાં તેઓની સહી ઓળખી બતાવે છે. ભોગબનનાર ફરીયાદ હકીકતોને સમર્થન ન આપતા વિ.એ.ડી.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટ તપાસ પણ કરેલ છે પરંતુ ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન મળે તેવી કોઇ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. આ ભોગબનનારની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકિકત કબુલ કરે છે કે, તેણી ઘરે કોઈને કીધા વગર મોરબી મજુરી માટે જતી રહેલ.એ હકિકત કબુલ કરે છે કે, આરોપી તેણીને લગ્ન કરવાની લાલચ આપી ભગાડીને લઈ ગયેલ હોય અને તેણીની સાથે ખોટું કામ કરેલ હોય તેવું બનેલ નહીં. એ હકિકત કબુલ કરે છે કે, તેણીએ જે કોર્ટ રૂબરૂ નિવેદન આપેલ તે તેણીના ગામના આગેવાનોના કહ્યા મુજબ આપેલું.

**(૧૨.૧)** આ કામે ભોગબનનાર ખુબજ મહત્વના સાહેદ છે. ભોગબનનારની જન્મ તારીખ જોતા અને હાલનો બનાવ જોતા, બનાવ સમયે ભોગબનનારની ઉંમર લગભગ ૧૭ વર્ષ છે. ભોગબનનાર તેણીના પુરાવામાં હાલના આરોપીને હાલના ગુન્હા સાથે સંડોવતો કોઇ જ પુરાવો આપતી નથી. ઉલ્ટાનું તેણીને

ભણવાનો કંટાળો આવતા તેણી મજુરી કામ માટે મોરબી તરફ જતી રહેલી તેવું જણાવે છે. ભોગબનનારના પુરાવામાં એવી કોઇ જ હકિકત રેકર્ડ ઉપર આવતી નથી કે, હાલના આરોપીએ ભોગબનનારને લલચાવી, પટાવી, ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ ગયેલ. વધુમાં, ભોગબનનારના પુરાવામાં એવી પણ કોઇ જ હકિકત રેકર્ડ ઉપર આવતી નથી કે, ભોગબનનાર આરોપી સાથે ગયેલ હોય કે તેની સાથે રહેલ હોય અને આરોપીએ ભોગબનનાર સાથે દુષ્કર્મ કરી, જાતીય શોષણ કરેલ હોય. ચોકકસપણે ભોગબનનારે તેણીના આંક–૨૮ ના પુરાવામાં એવી હકિકત જણાવેલ છે કે, તે સમય ગાળા દરમ્યાન ત્યાં મજુરી કરતાં છોકરાના સંપર્કમાં આવેલી અને તેની સાથે શારીરિક સંભોગ બાંધેલ હતો અને તે થકી ગર્ભ રહેલ હતો. પરંતુ આ શારીરિક સંભોગ હાલના આરોપી સાથે બાંધવામાં આવેલ તેવો કોઇ જ પુરાવો ભોગબનનારે આપેલ નથી. વધુમાં, ભોગબનનારે અદાલત રૂબરૂ આરોપીને ઓળખવાનો પણ ઈન્કાર કરેલ છે. આમ, ખરેખર ભોગબનનારે આરોપી સાથે જ સંભોગ કરેલ હતો તે હકિકત નિ:શંકપણે સાબીત થતી નથી. આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુન્હાઓ સાબીત કરવા માટે ફરીયાદપક્ષે એ હકિકત તો નિ:શંકપણે સાબીત કરવી જ પડે કે, આરોપીએ ભોગબનનારને લલચાવી, પટાવી, ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ ગયેલ અને આરોપીએ ભોગબનનાર સાથે દુષ્કર્મ કરી, જાતીય શોષણ કરેલ હતું. જો આ હકિકત સાબીત થાય તો જ આરોપીને આ ગુન્હાઓ બદલ દોષીત ઠરાવી શકાય અન્યથા નહી. હાલના કેસમાં ભોગબનનારનો મહત્વનો પુરાવો તેમજ ભોગબનનારના પિતા અને માતાનો પુરાવો જોતાં આવી કોઇ જ હકિકત ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરી શકતો નથી. આમ, ભોગબનનારનો પુરાવો પણ ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી.

આ કામે ભોગબનનારનો પુરાવો જોતા તેણીને સંભોગથી ગર્ભ રહેલ હતો. હવે પ્રશ્ન એ છે કે, આ ગર્ભ હાલના આરોપી દ્વારા જ રહેલ હતો કે કેમ ? ભોગબનનારે તેના પુરાવામાં એવી કોઈ જ હકિકત જણાવેલ નથી કે, આરોપીએ તેણીની સાથે સંભોગ કરેલો હતો. આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક–૭૪ ડી.એન.એ. ટેસ્ટનો સાયન્ટીફીક રીઝલ્ટ દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરેલ છે. જે જોતાં તેમાં એવું જણાવવામાં આવેલ છે કે, "Hence no opinion could be offered on the comparision of Ex.AA/1 (Product of conception) with DNA profiling of Ex.AA/3 (Blood) case no 24/DNA/1136 & Ex.B/1 (Blood). આમ, ડી.એન.એ રીપોર્ટ જોતાં પણ તે ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ ડો.ગીરીશ વદેસીંગભાઇ રાઠવાનાઓને સાહેદ નંબર ૪ આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો ભોગબનનારને તેઓની પાસે શારીરિક તપાસ માટે લઈ આવતાં તેઓએ ભોગબનનારને તપાસેલ છે અને જે હકિકતો માલુમ પડેલ છે તે અંગેનો ચિતાર તેઓના પુરાવામાં રજુ કરેલ છે. આ સાહેદનો પુરાવો જોતાં ભોગબનનારનું યુ.પી.ટી.ટેસ્ટ પોઝીટીવ જણાયેલું. ત્યારબાદ તેઓએ જરૂરી નમુના મેળવી, એફ.એસ.એલ. અર્થે સીલ કરી વડોદરાને મોકલવા માટે પોલીસ કોન્સ્ટેબલને આપેલા અને તેઓએ ભોગબનનારની મેડીકલ ચકાસણી કરી તે અંગેનું સર્ટીફીકેટ તેઓના સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલ. જે સર્ટીફિકેટ આ કામે આંક–૩૬ થી રજુ છે. તેઓના અભિપ્રાય પ્રમાણે તેણીની સાથે શારીરિક સંભોગ થયેલાની હકિકત નકારી શકાય નહી. તેઓએ ભોગબનનારની વધુ તપાસ માટે ગાયનેકોલોજીસ્ટને રીફર કરવાની સલાહ લખી આપેલી. ત્યાર બાદ આરોપીને તેઓની પાસે શારીરિક તપાસ માટે લઈ આવતાં તેઓએ આરોપીને તપાસેલ છે. ત્યારબાદ જરૂરી નમુનાઓ મેળવી સીલ કરી

એફ.એસ.એલ.,વડોદરા મોકલવા માટે પોલીસ કોન્સ્ટેબલને આપેલા. ત્યારબાદ તે અંગેનું સર્ટીફીકેટ તેઓના સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલ. જે સર્ટીફિકેટ આ કામે આંક-૩૮ થી રજુ છે. તેઓના અભિપ્રાય પ્રમાણે આરોપી શારીરિક સંભોગ કરવા સક્ષમ હતો.

આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકિકત કબુલ કરે છે કે, ભોગબનનાર પર કોઈ પણ પ્રકારની જોર જબરજસ્તી થયેલ હોય કે બળજબરી થયેલ હોય તે બાબતના તેણીના શરીર પર કોઈ નિશાન જોવા મળેલ નહીં. એ હકિકત કબુલ કરે છે કે, શારીરિક બંધારણ જોતાં તે વિકસિત હતી અને પ્રતિકાર કરી શકે તેવી હતી. એ હકિકત કબુલ કરે છે કે, ભોગબનનારની મેડીકલ ચકાસણી દરમ્યાન ઓરીએન્ટેડ હતી, સામાન્ય હતી અને તેની સમજ શક્તિ કેળવાયેલ હતી. એ હકિકત કબુલ કરે છે કે, આરોપીના શરીર પર કોઇ ઈજાના નિશાન જણાયેલ નહી.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ ડો.પલક પ્રદિપકુમાર વૈષ્ણવનાઓને સાહેદ નંબર ૫ આંક-૩૯ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે ભોગબનનારની ગાયનેક તપાસ કરેલ છે અને તેઓની તપાસ દરમ્યાન જે ચિન્હો માલુમ પડેલા તેનો ઉલ્લેખ તેઓના પુરાવામાં કરેલ છે. આ સાહેદ આંક-૪૦ ના કેસ પેપર્સમાં તેઓની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકિકત ઈન્કાર કરે છે કે, તેઓએ ભોગબનનારની હિસ્ટ્રી પોલીસ યાદી પ્ર માણે લખી લીધેલી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગબનનારની ઉંમર પોલીસ યાદીના આધારે લખી લીધેલી. ભોગબનનારે તેણીની ઉં મર લખાવેલ હોય તેવુ બનેલ નહીં. એ હકિકત કબુલ કરે છે કે, ભોગબનનારની ઉંમર ભોગબનનારના જન્મના દાખલાના આધારે લખાવામાં આવેલી છે. એ હકિકત કબુલ કરે છે કે,

ભોગબનનારનો બાંધો સંપૂર્ણ વિકસિત હતો. એ હકિકત કબુલ કરે છે કે, ભોગબનનારની ઉંમર બાબતે કોઈ ઓશીફીકેશન ટેસ્ટ કરાવેલ નહી. એ હકિકત કબુલ કરે છે કે, ભોગબનનારના શરીર ઉપર બળજબરીના કોઈ ચિન્હો જણાય આવેલા નહીં.

**(૧૫)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ ડો.અલ્પેશ જવેરચંદ શાહનાઓને સાહેદ નંબર ૦૬ આંક-૪૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે આરોપીની સીમેન લેવાની કાર્યવાહી કરેલ અને તેઓની તપાસ દરમ્યાન જે ચિન્હો માલુમ પડેલા તેનો ઉલ્લેખ તેઓના પુરાવામાં કરેલ છે. ત્યારબાદ તે અંગેનું સર્ટીફીકેટ તેઓના સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલ. જે સર્ટીફિકેટ આ કામે આંક-૪૩ થી રજુ છે. આ સાહેદ આંક-૪૪ ના કેસ પેપર્સમાં તેઓની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકિકત કબુલ કરે છે કે, સદર આરોપીના સેમ્પલ લેવાની કાર્યવાહી યુરોલોજીસ્ટ ડો.ધવલ દેસાઇએ કરેલ. એ હકિકત કબુલ કરે છે કે, તેઓએ સદર આરોપીની ચકાસણી કરી સેમ્પલ કલેકટ કર્યા સિવાય કોઇ કાર્યવાહી કરેલ નહી.

**(૧૫.૧)** ઉપરોકત ચારેય મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાનું એકી સાથે મુલ્યાંકન કરવામાં આવે તો એ હકિકત રેકર્ડ ઉપર આવે છે કે, ભોગબનનાર અને આરોપીને મેડીકલ તપાસ માટે રજુ કરવામાં આવેલ હતા. તેમજ ભોગબનનારને ગાયનેક તપાસ માટે પણ રજુ કરવામાં આવેલ હતા અને આરોપીને સીમેન તપાસ માટે પણ રજુ કરવામાં આવેલ હતા. ઉલટ તપાસ દરમ્યાન એ હકિકત રેકર્ડ ઉપર આવેલી છે કે, ભોગબનનારના શરીર ઉપર કોઇ બળજબરીના કોઇ ચિન્હો જોવા મળેલ ન હતા. ભોગબનનારનો પુરાવો ચારેય ડોકટરશ્રીના પુરાવાને બિલકુલ સમર્થન કરતો નથી. તેવા સંજોગોમાં ચારેય સાહેદોનો પુરાવો હાલના કેસમાં ફરીયાદપક્ષને વિશેષ મદદરૂપ થતો નથી.

(૧૬) પ્રસ્તૃત કેસમાં ફરીયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદાર મોહનભાઈ હીરસીંગભાઈ નિસરતાને સાહેદ નંબર ૦૭ આંક–૪૫ થી તથા પી.આઇ.શ્રી શૈલેષભાઈ ભારતસિંહ વસાવાને સાહેદ નં.૮ આંક–૫૪ થી તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદોનો પુરાવો જોતાં તા.૦૯/૦૯/૨૦૨૪ ના રોજ પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે અગાઉના પી.આઇ. નાઓ રૂબરૂ ફરીયાદીએ તેઓ રૂબરૂ ફરીયાદ આપતાં ફરીયાદ લખી લઇ અને આગળની તપાસ તેમણે સંભાળેલી. તેમજ સી.સી.ટી.વી. ફુટેજ મેળવવા કંટ્રોલ નેત્રમ છોટાઉદેપુરને યાદી કરેલ.ત્યારબાદ મોબાઇલ ફોનના સી.ડી.આર., એ.સી.આર.ની માહિતી મંગાવી તે આવતાં તપાસના કામે સામેલ રાખેલ. આરોપીની અટક અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા યાદી કરેલ. તેમજ પંચોની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ. ત્યારબાદ તપાસ દરમ્યાન સાહેદોના નિવેદનો લીધેલા અને આગળનીશ્રી પી.આઇ.શ્રી એસ.બી.વસાવાનાઓને સોંપેલી. પી.આઇ.શ્રી એસ.બી.વસાવાનો આંક–૫૪ નો પુરાવો જોતા તેઓએ તેમની તપાસ દરમ્યાન ભોગબનનારની મેડીકલ તપાસ માટે યાદી કરેલ અને હોસ્પીટલ મોકલી આપેલ અને ભોગબનનારનો બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન લીધેલ. આરોપીને અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા યાદી કરેલ. તેમજ એફ.એસ.એલ.અધિકારીશ્રીને સ્થળ ઉપર બોલાવેલા અને આરોપીના કપડા પંચનામાની વિગતે કબજે કરેલ. તેમજ ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ કરેલ. બી.એન.એસ.કલમ–૮૭, ૬૪(૨) એન તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબનો ગુન્હો બનતો હોય કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ તેમજ ભોગબનનારના જન્મના દાખલાની ખરાઇ માટે તલાટીશ્રીને યાદી કરેલ. તેમજ મોટરસાયકલ કબજે કરેલ. વધુમાં આ સાહેદે કબજે કરેલ નમુનાઓ તેમજ

ડી.એન.એ. નમુનાઓ પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ.વડોદરા તરફ મોકલી આપેલ અને આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલ. આમ, આ બંને સાહેદોએ તેઓના પુરાવામાં તેમની તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહીનો ચિતાર રજુ કરેલ છે.

આ સાહેદોની ઉલટતપાસ જોવામાં આવે તો એ હકિકત કબુલ કરે છે કે, ગર્ભપાત થયેલ બાળકનો ડી.એન.એ.તપાસ કરાવેલ નથી. તેમજ આ સાહેદોની વધુ ઉલટતપાસ જોવામાં આવે તો કોઈ મહત્વની હકિકતો રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૭) પ્રસ્તૃત કેસમાં ફરીયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદાર અરુણકુમાર ચીમનભાઈ પરમારને સાહેદ નંબર ૦૯ આંક–૭૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદનો પુરાવો જોતાં તા.૦૯/૦૯/૨૦૨૪ ના રોજ પોલીસ ઈન્સ્પેકટર તરીકે છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં હાજર હતા ત્યારે ફરીયાદીએ તેઓ રૂબરૂ ફરીયાદ આપતાં ફરીયાદ લખી લઈ અને ગુન્હો દાખલ કરેલ તેમજ ફરીયાદ સાથે ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર પણ રજુ કરેલ અને ને આગળનીશ્રી પી.એસ.આઇ.શ્રી નિસરતાનાઓને સોંપેલી.

આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો કોઈ મહત્વની હકિકતો રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૮) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ દીલીપકુમાર રસીકભાઈ રાઠવાનાઓને સાહેદ નંબર ૧૦ આંક–૮૨ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો ભોગબનજનારની જન્મ તારીખ:–૦૮/૦૨/૨૦૦૭ હતી અને તેની નોંધણી તારીખ:–૧૫/૦૨/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ હતી. આ સાહેદના પુરાવાથી એટલી હકિકત રેકર્ડ ઉપર આવે છે કે, આક્ષેપિત બનાવ સમયે ભોગબનનારની ઉમર આશરે ૧૭ વર્ષ હતી.

(૧૯) પ્રસ્તૃત કામે ભોગબનનારના આંક–૨૮ અને ફરીયાદી/ભોગબનનારના પિતાના આંક–૨૪ તથા ભોગબનનારના માતાના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો એ હકિકત નિ:શંકપણે રેકર્ડ ઉપર આવે છે કે, આ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને બીલકુલ સમર્થન આપેલ નથી. ફરીયાદી આ કામે ભોગ બનનારના પિતા છે તેમજ ભોગબનનારના માતા કહેવાતા બનાવના નજરે જોનાર સાહેદ નથી જેથી તેઓ બંને બનાવની હકીકતોને બીલકુલ સમર્થન આપતા નથી. ફરીયાદીએ તથા ભોગબનનારે તેઓના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકિકતોને કોઈ સમર્થન આપેલ નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે. જયારે ફરીયાદપક્ષના મુખ્ય સાહેદો ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય ત્યારે ફરીયાદપક્ષના કેસની હકીકતો અંગે ચોકકસપણે શંકા ઉભી થાય છે. ફરીયાદ મુજબ અને ભોગબનનારના પુરાવા મુજબ કહેવાતો બનાવ ૧૮ દિવસ પહેલાં બનેલો જયારે ફરીયાદ ૧૮ દિવસ બાદ આપવામાં આવેલ છે એટલે કે ફરીયાદ ૧૮ દિવસ મોડી આપવમાં આવેલ છે અને તે અંગેનો કોઈ ખુલાશો ફરીયાદમાં કરવામાં આવેલ નથી. વિલંબથી કરવામાં આવેલ ફરીયાદ માની શકાય નહી. દરેકે દરેક કેસમાં વિલંબના કારણે ફરીયાદપક્ષનો કેસ ખોટો છે તેવું કહી શકાય નહી અને તે પણ જયારે એવા કેસમાં જે કેસમાં રેપનો આક્ષેપો કરવામાં આવેલ હોય. પરંતુ હાલના કેસમાં જે વિલંબ થયેલો છે તે વિલંબ નાનોસુનો વિલંબ નથી અને તે ૧૮ દિવસનો વિલંબ છે. ફરીયાદપક્ષે ચોકકસપણે વિલંબનો ખુલાશો કરવો જોઈએ. ૧૮ દિવસનો વિલંબ કયાં કારણોથી થયેલો છે તે અંગે કોઈ ખુલાશો ફરીયાદી કે ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલો નથી.

તેથી ૧૮ દિવસનો વિલંબ એ કોઈ સામાન્ય વિલંબ નથી પરંતુ તે અસામાન્ય વિલંબ છે. સામાન્ય સંજોગોમાં અદાલત સામાન્ય વિલંબને નજર અંદાજ કરી શકતી હોય છે. પરંતુ જયારે

વિલંબ અસામાન્ય વિલંબ હોય તેવા વિલંબને નજર અંદાજ કરી શકાય નહી અને આ વિલંબ કેસના મુળને અસર કરે છે. તેથી પણ ફરીયાદીનો પુરાવો વિશ્વસનીય, ભરોસાપાત્ર અને સત્યના રણકારવાળો જણાતો નથી. આમ, ભોગબનનારની જુબાની અને ભોગબનનારનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર પુરાવો નથી. વધુમાં આ કામે ભોગબનનારનું બી.એન.એસ.એસ.કલમ–૧૮૩ મુજબ નિવેદન નોંધવામાં આવેલ છે અને ભોગબનનારે તેના પુરાવામાં નિવેદનમાં તેના અંગુઠાનું નિશાન ઓળખી બતાવેલ છે અને જે નિવેદન આંક–૨૯ થી રજુ કરવામાં આવેલ છે પરતું આ નિવેદન શું હતુ તે અંગેનો કોઈ જ ઉલ્લેખ ભોગબનનારના પુરાવામાં કરવામાં આવેલ નથી. બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ ના નિવેદનને પણ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૧ મુજબ જ ધ્યાને લેવાનો હોય છે અને તેનું પુરાવાકીય મુલ્ય કોન્ટ્રાડીકશન અને કોરોબ્રેશન પુરતું સીમિત હોય છે. માત્ર આ નિવેદનમાં ભોગબનનારની સહી લેવામાં આવે છે. તેથી તેનું થોડુ મુલ્ય વધી જાય છે પરંતુ આ નિવેદનને સોલ પીસ ઓફ એવીડન્સ કહી શકાય નહી. જયારે ભોગબનનાર પોતે બનાવ હકિકતોને સમર્થન આપતાં ન હોય ત્યારે આ નિવેદનનું કોઈ જ મુલ્ય નથી. આમ, ભોગબનનારનો પુરાવો માની શકાય તેવો નથી અને આવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકશીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૨૦) આમ, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં ફરીયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે સાબિત કરવા નિષ્ફળ ગયેલ છે કે, આરોપીએ ભોગબનનારને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાથી પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી પત્ની તરીકે રાખવાના ઈરાદે દુષ્કર્મ કરી, જાતીય શોષણ કરી, અવાર નવાર શારીરિક બળાત્કાર સંભોગ કરેલ. આમ, ઉપરોકત સંજોગોમાં મુદ્દા નંબર ૨ નો નિર્ણય

નકારમાં ઠરાવુ છુ અને મુદ્દા નંબર ૩ નો આખરી હુકમ નીચે મુજબ કરુ છુ.

**-:: હુ ક મ ::-**

(૧) ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ-૨૫૮(૧) (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧)) મુજબ દિપકભાઈ નરછાભાઈ નાયકનાઓને ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(ણ) તથા બાળ જાતિય અપરાધ ધારા ૨૦૦૨ ની કલમ ૪, ૬ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીન તથા જામીન ખત રદ કરવામાં આવે છે.

(૩) ભારતીયા નાગરીક સુરક્ષા સંહિતાની કલમ- ૪૮૧ (ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) )મુજબ આરોપીએ જો આ હુકમ સામે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો છ માસના સમય સુધીના રજૂ કરવા.

(૪) સદર કામે કબજે કરેલ હિરો કંપનીની કાળા કલરની સીલ્વર તથા ભુરા પટ્ટાવાળી સ્પ્લેન્ડર મોટર સાયકલ નંબર એમ.પી-૪૫-એમ.પી.૭૩૧૧ ના કામે કરેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે. જયારે અન્ય મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ તા.૩૧ મી, માહે : -ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.**

તા.**૩૧/૦૮/૨૦૨૬**
સ્થળ: છોટાઉદેપુર.

**(મહંમદસિરાજ એલ. શેખ)**
**સ્પેશીયલ જજ (પોકસો કોર્ટ)**
**છોટાઉદેપુર**
**કોડ નં.જીજે-૦૦૭૪૩.**